## શ્રીલંકા ટેક્નો .કેમ્પસ સાથે આર .કે .યુનિ .ના કરાર

**રાજકોટ:** રાજકોટની આર.કે.યુનિવર્સિટી અને શ્રીલંકાની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થા શ્રીલંકા ટેકનોલોજીકલ કેમ્પસ સાથે શૈક્ષણિક કરાર થયા છે. આ કરાર મુજબ આરકે યુનિવર્સિટી દ્વારા શ્રીલંકા ટેકનોલોજીકલ કેમ્પસને અભ્યાસક્રમના વિકાસ, બી.બી.એ. કોર્ષ માટે ત્યાના શિક્ષકોને



તાલીમ, ટૂંકાગાળાના કોર્ષ માટે માર્ગદર્શન આપવામાં આવશે તથા લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ અને ઈ.આર.પી. જેવી સુવિધાઓ માટે તકનીકી સૂચનો પૂરા પાડવામાં આવશે. આ ઉપરાંત શ્રીલંકાના એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓ માટે આર.કે. યુનિવર્સિટી દ્વારા ઉધોગોને સાંકળતા વિશેષ કોર્ષનો વિકાસ કરવામાં આવશે. શિક્ષકો માટે પણ સ્ટાફ એક્ષચેન્જ પ્રોગ્રામને આ કરાર હેઠળ આગળ ધપાવવામાં આવશે.

12 Dt. 6 - 4 - 2019, Saturday

## શ્રીલંકા ટેકનોલોજિકલ કેમ્પસ સાથે આરકે યુનિવર્સિટીના શૈક્ષણિક કરાર

**આજકાલ કાર્યાલય-રાજકોટ**



રાજકોટનું નામ ફરિવાર વૈશ્વિક કક્ષાએ ચમકાવવાની દિશામાં રાજકોટની આરકે યુનિવર્સિટી અને શ્રીલંકાની શ્રીલંકા ટેકનોલોજીકલ કેમ્પસ (એસએલટીસી) વચ્ચે શૈક્ષણીક કરાર થયા છે. આ કરાર મુજબ આરકે યુનિવર્સિટી દ્વારા શ્રીલંકા ટેકનોલોજીકલ કેમ્પસને અભ્યસક્રમના વિકાસ, બીબીએ કોર્સ માટે ત્યાંના શિક્ષકોને તાલીમ, ટૂંકાગાળાના કોર્સ વગેરે બાબતોમાં માર્ગદર્શન આપવામાં આવશે તથા લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ (એલએમએસ) અને ઈઆરપી જેવી સુવિધાઓ માટે તકનીકી સુચનો પૂરા પાડવામાં આવશે. આ ઉપરાંત શ્રીલંકા ટેકનોલોજીકલ કેમ્પસના એન્જિયિરિંગના વિદ્યાર્થીઓ માટે આરકે યુનિવર્સિટી દ્વારા ઉધોગોને સાંકળતા વિશેષ કોર્સનો પણ વિકાસ કરવામાં આવશે. શિક્ષકો માટે પણ સ્ટાફ એકસચેન્જ પ્રોગ્રામને આ કરાર હેઠળ આગળ ધપાવવામાં આવશે. આવનારરા સમયમાં રાજકોટની આરકે યુનિવર્સિટી દ્વારા વધુ દેશોની યુનિવર્સિટીઓ સાથે આ પ્રકારના કરાર દ્વારા શિક્ષણને અપગ્રેડ કરવાના પ્રયાસો સતત ચાલુ રહેશે.